# DELHI PUBLIC SCHOOL, GANDHINAGAR

## NEWSPAPER COVERAGE

| PUBLICATION | AT THE TIME | EDITION | GANDHINAGAR |
|---|---|---|---|
| DATE | 12-11-2025 | PAGE NUMBER | |

# દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરનાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે ગૌરવપ્રાપ્તિ









જયપુર ખાતે યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના 'વિરાસત ભારતીય કલા સાંસ્કૃતિક મહોત્સવ 2025' માં દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ગૌરવસભર સિદ્ધિ નોંધાવી છે. ભારતીય સાંસ્કૃતિક વિરાસત કેન્દ્ર અને ગીવીંગ હેન્ડસ વેલ્કેર ગ્રુપ, દિલ્હી દ્વારા આયોજિત આ મહોત્સવમાં દેશના વિવિધ રાજ્યોની ટીમોએ ભાગ લીધો હતો. ગુજરાત તરફથી ભાગ લેનાર દિલ્હી પબ્લિક સ્કૂલના વિદ્યાર્થીઓએ થિયેટર ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કુલ ૧૫ રાષ્ટ્રીય કક્ષાનાં પુરસ્કારો જીત્યાં હતા. વિહાન દેસાઈ, શેરવીન પટેલ, યુગ ટોંક, માહિર પટેલ, પુજન શાખવાલા, તક્ષ નાયલાની, ક્રિયાન પટેલ, ધૈર્ય પટેલ, જૈનિલ શાહ, વિરેન જરીવાલા, ઋષિ પટેલ અને સમર્થ દાસ સહિતની ટીમે ગુરુ યાજ્ઞિક ચૌહાણના માર્ગદર્શન હેઠળ આ સિદ્ધિ મેળવી હતી. વિદ્યાર્થીઓની ઉત્તમ પ્રસ્તુતિઓને પગલે શાળાને પ્રતિષ્ઠિત 'રાષ્ટ્રીય કલા એવોર્ડ – 2025' થી નવાજવામાં આવી હતી. વિદ્યાર્થીઓના આ ઉત્તમ પ્રદર્શન બદલ શાળાની પ્રિન્સિપલ અંજુ સિંહે વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યાં હતાં.

13/11/25